# નમસ્કાર ગાંધીનગર

## પમરાટ

ફાટ ફાટ ફાગણનાં ફુટ્યાં છે ફૂલ
આ ફાગણ ફોર્યો અંગે અંગમાં
કેસુડા રંગે રંગાઈ જઈએ હવે
વાસંતી વાયરાના સંગમાં.
મોકળા મને તમે આવો તો આમ
મન મૂકી રમીએ ગલાલ
મોકો મળે તો વળી પૂછી લઈએ
પેલો અનુત્તર રહેલો સવાલ
આભલામાં આલેખી ટહૂકાનું ગાન
કંઈક અદખેરું છલકે ઉમંગમાં
ડાળીએથી કુંપળનું ફૂટેલું રૂપ
જાણે નવોઢાએ સજ્યા શણગાર
કુણેરા પાન પાન નજરાતું નામ
એમાં ઘુંટી આંખલડી મોઝાર
આપીને પામવાનો એ જ આનંદ ખરો
ભલે હારી જવાનું આ જંગમાં....

વિજયસિંહ ચાવડા

## પાથેય

# કલર સાથેનો કલરવ...!

- રમેશ ઠક્કર

'જાનીવાલાપીનારા' એવું રંગ માટેનું સૂત્ર નિશાળમાં ભણતા.. કુદરતમાં અનેક રંગો છે.આપણે કેટલાક રંગોને મુળભુત માનીએ છીએ..બાકી માનવસર્જિત.. કુદરતમાં એવું હોતું નથી.એની પાસે રંગોનું અપાર વૈવિધ્ય છે.એ? તમામ? એના અભિન્ન અંગ જેવા છે.જીવન પણ અવનવા રંગોથી સભર છે...લેખકોને તો એનું આકર્ષણ હોય જ પરંતુ સામાન્ય માણસ પણ રંગોથી અભિભૂત થાય છે..રંગાય છે..રંગોનો તહેવાર ધુળેટી કદાચ એનું જ મહિમાગાન હશે ! હિન્દીમાં એને હોલી કહેવાય છે..કલર સાથેનો કલરવ એટલે હોલી ! એક વાત મને નથી સમજાતી કે રંગસભર આ તહેવારનું નામ ધુળેટી કેમ ? કોઈકે મને કહેલું કે મુળભુત રીતે ગામડાઓમાં આ તહેવાર ધુળ અને માટીથી એકબીજાને રંગી ઉજવવામાં આવતો એટલે એ ધુળેટી...નાનપણમાં કામલપુર ગામમાં લોકો અબીલ ગુલાલ કે કુદરતી હાથ બનાવટના કલરથી હોળી રમતા...ઘેરૈયા ભેગા થઈ હાથમાં રંગો લઈ એકબીજાને રંગતા..પહેલીવાર પીચકારી જોઈ ત્યારે રોમાંચ ઘેરી વળેલો...એ પછી તો અવનવા આકારોવાળી પીચકારીઓ અને આર્ટીફીશીયલ કલરોએ ધુળેટીને ધરમૂળથી બદલી નાખી... હોલી એ રાજસ્થાનનો તહેવાર છે..આપણે ત્યાં હોળી અને ધુળેટી વચ્ચે કન્ફયુઝન જેવું છે..હોલિકા અને ફકત પ્રહલાદની યાદમાં હોલિકાદહન થાય છે એ આખો ગમગીનીનો રંગ છે..બીજા દિવસે ઉજવાય છે એ ધુળેટી આપણે ત્યાં ઉલ્લાસનો દિવસ હોય છે..આપણા વનવાસી પટ્ટામાં આદિવાસી સંસ્કૃતિમાં એનું આગવું મહત્વ છે...લોકો નાચગાન સાથે હોલી રમે છે..એનાં ગીતો પણ હોય છે..યુવા હૈયાંને એકબીજાથી આમનેસામને થવા રંગોનું આ પર્વ અદ્ભૂત પ્લેટફોર્મ છે.. હોળી ઉપર ખજુર ખાવાનો મહીમા છે..ગામડાઓમાં મકાઈની ધાણી કે ખાંડના હારડાઓ કે પતાસાં એકબીજાને અપાય છે...બે દિવસ લગભગ રજા જેવા થઈ જતા હોય છે..રાજસ્થાનમાં હોલી લાંબી ચાલે છે. લોકો દિવસો સુધી રંગો માણે છે..વતનમાં પાછા ફરે છે..આપણે ત્યાં કામ કરતા શ્રમજીવીઓમાં મોટાભાગે એ તરફના હોય છે એ ધુળેટી આવતાં જ દેશમાં જવા તલપાપડ હોય છે..ગુજરાતી શેઠીઆઓ માટે આ અચરજ હોય છે ! માણસમાત્રને રંગો ગમે છે...એ કુદરતી હોય કે માનવસર્જીત...આકાશ હરપળે નવાં રંગરૂપ ધારણ કરે છે...ધરતી અવનવા રંગો થકી હંમેશ નવયૌવના બને છે..હવામાં રંગ છે..ફુલો કલરફૂલ છે..રેતના પણ રંગ છે..સીમની પણ અવનવી છટા છે..માણસના પણ નીત નવા રંગ હોય છે..રંગ બદલતો માણસ એ કુદરતના કરિશ્મા જેવો છે...ઈસ રંગ બદલતી દુનિયામેં ઈન્સાનકી નિયત ઠીક નહીં... એ જ માણસ રંગોત્સવને તહેવાર પણ બનાવી નાખે છે..ગીતો ગાય છે..આ પણ એક રંગ છે...!વ્યક્તિગત રીતે મને રંગોથી રંગાઈ જવાનું ગમતું નથી..આ દિવસોમાં હું કોઈક ખૂણામાં એકલો પુરાઈ જાઉં છું...એકલતાનો ઘેરો રંગ મને ગમે છે..વિષાદ અને ગમગીનીનો ઘટ્ટ કલર જયારે મને ઘેરી વળે છે ત્યારે બારીમાંથી દેખાતા ઘેરૈયાઓના બોલકા રંગો મને સ્પર્શી શકતા નથી...રંગોની પરિભાષા બદલાતી હોય છે..માણસમાત્રને રંગોની છટા ગમતી હોય છે..ભલે એ રંગો બાહરી જગતના હોય કે ભીતરના...!

# તમે પ્રજ્ઞાબહેન પટેલને ઓળખો છો ?




કવયિત્રી, લેખિકા, સમાજસેવિકા, પ્રવાસવીર, નર્મદા પરિક્રમાવાસી, પર્વતારોહક, અને પ્રેમ-હૂંફથી ભરેલાં ધબકતાં માણસ.

ગાંધીનગરથી ૨૦-૨૫ કિમી દૂર તેમણે "રેવા ગ્રામ" સ્થાપવાનું શરૂ કર્યું છે. રેવાબહેન તેમનાં માતાનું નામ. પિતાના નામે તેઓ આત્મન ફાઉન્ડેશન તો વર્ષોથી ચલાવી જ રહ્યાં છે.

ગાંધીનગરમાં શ્રમિકોની સેવા-વસ્તીમાં તેઓ ૨૫-૩૦ વર્ષથી અનેક સેવાકીય અને માનવીય પ્રવૃત્તિઓ કરે છે. સાતત્ય સાથે તેમણે બાળ-શિબિરો પણ કરી છે. ગુજરાત સરકારના માહિતી પરિવારમાં ઉચ્ચ અધિકારી હતાં. નિવૃત્ત થયાં અને સમાજની વધારે નજીક આવ્યાં. તેમણે માણસા તાલુકાના મકાખાડ ગામ પાસે (મહુડી જતાં ભજીયાં માટે વિખ્યાત અંબોડ ગામ આવે છે, તેનાથી થોડા આગળ) જમીન ખરીદી. ગાંઠના પૈસે લાખો રૂપિયા ખર્ચીને ખરીદેલી જમીન ઉપર તેઓ હવે "રેવાગ્રામ" સ્થાપી રહ્યાં છે. સમાજ માટેની નિસબત તેમને સતત દોડતાં રાખે છે.

સમાજને પોતાનાથી થાય તેટલી મદદ કરવી કે તેમની ભાવના છે. ૨૬ ફેબ્રુઆરી, ૨૦૨૩, રવિવારના રોજ સવારે તેમણે "રેવા ગ્રામ"ની પાવનભૂમિ પર "સ્નેહનો શાકોત્સવ" ઉજવ્યો. "સ્નેહનો સાદ અને હૂંફનો હાથ."

ખરેખર આ એક ઉત્તમ કાર્યક્રમ હતો. મને મહેમાન તરીકે બોલાવેલો, પરંતુ હું તેમના મિત્ર તરીકે ગયો હતો. અમારી મૈત્રી વર્ષો જૂની. પ્રજ્ઞાબહેન માટે, તેમની સામાજિક પ્રતિબદ્ધતા માટે મને અને અનિતાને ખૂબ આદર.

"સ્નેહનો શાકોત્સવ" ખરેખર યાદગાર બની રહ્યો હતો. બાર ગામમાંથી આવેલા લોકોને અનાજ તથા વિવિધ વસ્તુઓની રાશન-



કીટ આપવામાં આવી હતી.

પ્રજ્ઞાબહેનના સંબંધોનું વિશ્વ બહોળું છે. ગાંધીનગર, અમદાવાદ તથા આજુબાજુનાં નગરોમાંથી મોટી સંખ્યામાં સ્વજનો પધાર્યા હતા.

આ નિમિત્તે જે જમણવાર હતો તે પણ મજાનો - સ્વાદિષ્ટ હતો. બાજરીના સરસ રોટલા, ભરેલાં આખાં રવૈયાનું સરસ શાક, લીલી ડુંગળી, ગોળ, છાશ, વઘારેલી સ્વાદિષ્ટ ખીચડી, રોટલી, કઢી અને ખૂલ્લું મેદાન.

જમવાની ખરેખર ખૂબ મજા આવે એવો માહોલ હતો. પ્રજ્ઞાબહેન "રેવા ગ્રામ સેવાસંકુલ"માં જુદા જુદા એકમો શરૂ કરવા માગે છે. તેમની ભાવના ઉમદા છે અને આશા છે કે તેઓ ખૂબ ઝડપથી "રેવા ગ્રામ સેવાસંકુલ" ઊભું કરી શકશે.

૬૦ વર્ષે સડસડાટ ૩૫૦૦ કિમીની નર્મદા પરિક્રમા કરનારાં,
છેક કૈલાસ માનસરોવર સુધી,
વારંવાર હિમાલયમાં જનારાં પ્રજ્ઞાબહેન સાહસિક છે,
સહિષ્ણુ છે, સમાજ-સેવિકા છે અને માનવતાથી ભરેલાં છે.. આવી વ્યક્તિના સ્વજન અને મિત્ર હોવાનું ગૌરવ અમને છે.

અમે પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરીએ છીએ કે તમે અમારાં વહાલાં પ્રજ્ઞાબહેનને નિરામય દીર્ઘાયુ આપો.

તેમનું રેવા ગ્રામ સેવાસંકુલ ઝડપથી સાકાર થાય તેવી તેમણે ઉર્જા અને અનુકૂળતા કરી આપો.

જે મિત્રો ગાંધીનગર સ્થિત પ્રજ્ઞા બહેન પટેલનો સંપર્ક કરવા માગતા હોય તેઓ ૯૮૨૫૪૩૮૩૯૪ આ નંબર પર તેમનો સંપર્ક કરી શકે છે.




# પરીક્ષાઓ જીવનમાં કારકિર્દી ઘડતર માટે અત્યંત પાયાની ગણાય.....




**ૐ ત્ર્યંબકં યજામહે સુગંધિમ્ પુષ્ટિવર્ધનમ્**
**ઉર્વારૂકમ્ ઈવ બંધનાત્ મૃત્યો મુક્ષીય મા અમૃતાત.**

એટલે કે, હે પરમાત્મા કે ત્રિલોચન, અમે તમને ભજીએ છીએ. અમરત્વ માટે, જીવન સુવાસિત કરનાર અને પોષણ કરનાર તમે અમને પાકેલું ચીભડું ખરે તેમ મૃત્યુના બંધનથી મુક્ત કરો. જીવ અને શિવ એ બંનેનું એકાકાર થઈ જવું એટલે આ જન્મજન્માંતરના બંધનમાંથી મુક્ત થઈને અમરત્વને પામવું. અત્યારે બોર્ડની પરીક્ષાઓ તેમ જ અન્ય શાળા-કોલેજોમાં ચાલતી પરીક્ષાના કારણે ચારે તરફ Well-wishere અને Philosophers નો મેળાવડો જામ્યો હોય તેવો માહોલ જોવા મળે છે. અલબત્ત, શુભકામનાઓ આપવી કે સલાહ આપવી એ કોઈ ખરાબ બાબત નથી પણ જેને પરીક્ષા આપવાની છે એના મનમાં આ વાતો કેટલે સુધી અસર કરે છે તે તો વિદ્યાર્થી પોતે જ જાણે ! મહામૃત્યુંજય જાપનો સરળ ભાવાનુવાદ ઉપરોક્ત પંક્તિઓમાં દર્શાવ્યો પરંતુ, આમ જોવા જઈએ તો કોઈ પણ ધર્મ કે ધર્મગ્રંથો કે ધર્મગુરુઓ એ તમામનો અર્ક મુખ્યત્વે એકસમાન જ હોય છે. આપણા તમામ ધર્મગ્રંથો અનુસાર સાક્ષાત્ ઈશ્વરને, જીસસને કે અલ્લાહને અનેક કપરી પરીક્ષાઓમાંથી પાર થવું પડ્યું જ છે. ઘણીવાર આપણને આશ્ચર્ય પણ થાય કે આટલું બધું કષ્ટ જો ખુદ ઈશ્વર વેઠવું પડ્યું હોય તો આપણા જેવા પામર મનુષ્યની તો શું વિસાત?

બોર્ડની પરીક્ષાઓ જીવનમાં કારકિર્દી ઘડતર માટે અત્યંત પાયાની પરીક્ષાઓ ગણાય તે બાબત નકારી શકાય તેમ નથી. માટે, તેના માટે શુભેચ્છાઓ મળે તે બાબત આવકાર્ય છે. પણ સમય સાથે તાલ મિલાવનારા આપણે વર્ષો જૂની ઘરે-ઘરે ફરીને 'ઈંદ્ઘ ક્ષ્રેષ્ઠા'કહેવાની પરંપરાનો ચીલો કયાં સુધી ચલાવતાં રહીશું? જીસ્જી કે મોબાઈલ ફોન દ્વારા પણ શુભેચ્છાઓ પાઠવી જ શકાય અને તેમાં સમય પણ બચાવી શકાય. બાળકોને ભારેભરખમ સલાહ આપતાં પહેલાં એકવાર શાંતચિત્તે બેસીને આપણે બોર્ડમા કેટલા માર્ક્સ મેળવ્યા અને આપણા જીવનમાં તેનું શું યોગદાન રહ્યું તે યાદ કરીએ. દરેક બાળક કોઈને કોઈ રીતે વિશિષ્ટ કે આગવું વ્યક્તિત્વ ધરાવતું જ હોય છે. રામ- સીતા, શંકર-પાર્વતી, ગોડ કે અલ્લાહ આ તમામે આપેલી જીવનની પરીક્ષાઓના પ્રવાહમાં પ્રમાણમાં આ પરીક્ષાઓ તો કોઈ વિસાતમાં જ નથી. તેમ છતાં પરીક્ષા આપનાર વિદ્યાર્થીને પૂછો તો જણાશે કે એના મનમાં આ નાનકડી એવી પરીક્ષાનું કેટલું મસમોટું pressure હોય છે.

ખરેખર તો ભણતરનો હેતુ છે જ્ઞાન મેળવવું અને બૌદ્ધિક રીતે વિકસીત બનવું. પરંતુ, માર્ક્સ મેકીંગના આ યુગમાં શિક્ષણ એ એક સૌથી વધુ profit making business બની ગયું છે. બધાને પોતાના બાળકોને ડોક્ટર, એન્જિનિયર બનાવવું છે. બોર્ડની પરીક્ષા કરતાં જીવનની પરીક્ષાઓ કેટલી અઘરી હોય છે. તેની વિદ્યાર્થીને કયાં જાણ જ હોય છે ? પરીક્ષાના સેન્ટરની બહાર મા-બાપને જોઈને બાળકની નહિ પરંતુ, મા-બાપની પરીક્ષા હોય તેવું વર્તાય છે. ખરી પરીક્ષા શું છે એના એકાદ-બે ઉદાહરણ આપું તો, દસમા ધોરણની બોર્ડની પરીક્ષાનું પહેલું પેપર આપવા આપનાર એક વિદ્યાર્થીનીના બા-દાદાને અચાનક તબિયત બગડતાં ICU માં એડમીટ કરવા પડે અને બાળકને એકલા પરીક્ષા આપવા આવવું પડે ત્યારે તેના મનમાં ચાલતું વિચારોનું દ્વંદ્વયુદ્ધ એ છે ખરી પરીક્ષા ! અન્ય એક વિદ્યાર્થીના પિતા તેમની પોતાની બોર્ડની પરીક્ષા સમયે સાઈકલ પર એકલા આવવું અને પરીક્ષા પૂરી થતાં જાણ થવી કે સાઈકલ ચોરાઈ ગઈ છે ત્યારે એક બાળક તરીકે અને વિદ્યાર્થી તરીકે આ પરિસ્થિતિનો સામનો કર્યો તે જ ખરી પરીક્ષા ! આવા તો અનેક બનાવો, પ્રસંગો અને ઘટનાઓ આપણી આસપાસ ઘટતી હોય છે કે જે આપણને નવા નવા અનુભવો અને શિક્ષા આપી જાય છે.

દરેક વ્યક્તિના જીવનમાં નાની-મોટી તકલીફો સતત ચાલતી રહેતી હોય છે. તેમાંથી કઈ રીતે બહાર આવવું અને કઈ રીતે તેની સામે લડવું એ વ્યક્તિને કોઈ શાળા, શિક્ષકો કે વડીલો શીખવતા નથી અને તેમ છતાં તેમાંથી બહાર આવવાના પ્રયત્નો વ્યક્તિ પોત-પોતાની રીતે કરતો જ રહે છે. કયારેક તે સફળ બને છે તો કયારેક નિષ્ફળ પણ આવનારી પરીક્ષાઓનો ક્રમ તો નિરંતર ચાલ્યા જ કરે છે. દરેકને માટે પોતાની સમસ્યા કે પોતાની તકલીફ અન્ય કરતાં વધુ તીવ્ર જ દેખાય છે. પણ પડતા-આખડતા કે લડતા-ઝઝૂમતા પોતાનો પ્રવાસના આપણે સૌ સહયાત્રીઓ છીએ. દરેકના જીવનમાં વિવિધ તબક્કે ઉતાર-ચડાવ આવતા જ હોય છે અને જયારે વ્યક્તિને એમ લાગવા લાગે કે હવે તેની સહનશીલતા કે ધૈર્યનો અંત આવી ગયો છે ત્યારે કોઈને કોઈ સ્વરૂપે ઈશ્વરી તાકાત તેની મદદે આવી જ પહોંચે છે. અને હા; જયારે પરિસ્થિતિ, સમય અને સંજોગો એ તમામ પ્રતિકૂળ બનતા જણાય અને કષ્ટોનો મસમોટો પહાડ આપણી પર તૂટી પડે ત્યારે જાણવું કે જીવ અને શિવના એકાકારની ક્ષણ નજીક આવી રહી છે માટે આ તમામ કર્મબંધનોથી મુક્તિ મળવાનો સમય આવી ગયો છે. પરીક્ષાઓ તો આવતી જ રહેશે પણ આપણે પૂર્ણપણે નિષ્ઠાપૂર્વક આપણા શિરે આવેલી જવાબદારીઓનું વહન કર્યા કરીએ તો પરીક્ષારૂપી જીવનમાંથી મુક્ત બનીને શિવપંથે પ્રયાણ કરવા યોગ્ય બની શકીશું.

- nehalgadhavi101@gmail.com

# પ્રાદેશિક ભાષા ફરજીયાત કરતી સુપ્રિમ કોર્ટ

## કાયદાની કલમ-૩(૨) મુજબ ફરજીયાત ગુજરાતી વિષય શાળામાં ભણાવવો પડશે




ગુજરાતની તમામ શાળાઓમાં ગુજરાતી ભાષા ભણાવવાનો કાયદો વિધાનસભામાં તાજેતરમાં પસાર કરેલ છે, પરંતુ આ અંગે સુપ્રિમ કોર્ટે ઘણા સમયથી આદેશ કરી જણાવ્યું હતુ કે, દેશની સર્વોચ્ચ અદાલત કોઈપણ રાજય તેની પ્રાદેશિક ભાષા ફરજીયાતપણે શીખવવા માટે નીતિ વિષયક નિર્ણય લઈ શકે છે. પ્રાદેશિક ભાષા શીખવાનો વિરોધ કે પ્રતિકાર એ બાળકોને જીવનનાં મુખ્ય પ્રવાહથી અલગ પાડી શકે છે તથા પોતાની જન્મજાત સંસ્કૃતિ સંસ્કારથી વિમુખ થતો જાય છે.

ગુજરાતમાં તમામ શાળાઓ પછી તે ગુજરાતી માધ્યમ કે અંગ્રેજીની શાળા હોય સી.બી.એસ.સી. હોય કે ગુજરાત રાજયનાં બોર્ડ, શૈક્ષણિક બોર્ડ સાથે સંલગ્ન શાળાઓમાં એક વિષય તરીકે ગુજરતી ભાષાને ફરજીયાત કરેલ છે.

દેશનાં દરેક રાજયોમાં પોતાની પ્રાદેશિક ભાષા છે જે ફરજીયાતપણે દરેક શાળામાં જે તે રાજયોમાં શીખવવામાં આવે છે, પરંતુ ગુજરાત જ એક એવું રાજય હતુ કે જયાં ગુજરાતી ભાષા શાળામાં ફરજીયાત ન હતી, શિક્ષણ વિભાગે તા. ૧૩/૦૪/૨૦૧૮નાં રોજ આ અંતર્ગત એક ઠરાવ પણ પસાર કરેલ, પરંતુ તેનું પાલન દરેક શાળા કરતી ન હોતી, તે ગુજરાત સરકારનાં ધ્યાને આવતા તેમજ સુપ્રિમ કોર્ટનાં આદેશનું ફરજીયાતપણે પાલન કરવા વિધાનસભામાં ઠરાવ પસાર કરી કાયદાનું સ્વરૂપ આપવામાં આવેલ છે. ગુજરાત બહારનાં નિવાસી હોય એટલે કે, મૂળ ગુજરાતનાં ના હોય અને ગુજરાતી શાળામાં અભ્યાસ કરતા હોય તેવા વિદ્યાર્થીને આ વિધાયકમાં કાયદાનાં અમલમાંથી મુક્તી આપવામાં આવી છે.

ગુજરાતી ભાષાને વિષય તરીકે ફરજીયાત ના શીખવાડનાર શાળાને પ્રથમ વખત કાયદાનાં ઉલ્લંઘન કરતા પકડાય તો રૂા. ૫૦,૦૦૦/- નો દંડ તથા બીજીવાર પકડાય તો રૂા. ૧,૦૦,૦૦૦/- નો દંડની જોગવાઈ તથા શાળાની માન્યતા રદ કરવાની જોગવાઈ વિધેયકમાં કરવામાં આવેલ છે. કલમ-૮(૩) મુજબ શિક્ષણાધિકારીને શાળાને દંડ કરવાની સત્તા આપવામાં આવેલ છે. જે સામે શાળા કલમ-૮(૫) તથા ૮(૬) અન્વયે અપીલ કરી શકશે.

આ કાયદા અનુસાર ધો-૩ થી ૮ નાં પ્રાથમિક શિક્ષણને જ કલમ-૩(૨) મુજબ લાગૂ પડે છે. માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાને આ કાયદો લાગૂ પડતો નથી. જે એક કાયદામાં ખોટ છે. તેથી ધો-૮ પછી અંગ્રેજી માધ્યમની શાળામાં ગુજરાતી વિષય જ ભણાવવામાં નહી આવે. ધો-૧૨ સુધી ગુજરાતી વિષય ફરજીયાત ભણાવવાનો આદેશ સરકારે કરવો જોઈએ. ગુજરાતમાં ૪૪ લાખ વિદ્યાર્થીઓ હાલમાં અંગ્રેજી માધ્યમની શાળાઓમાં શિક્ષણ મેળવે છે. જે ગુજરાતી ભાષાથી વંચિત રહેશે.

ગુજરાતમાં ગુજરાતી ભાષા પ્રત્યેની સુગ નું કારણ બ્યૂરોક્રેટમાં વહીવટમાં પર પ્રાંતનાં અધિકારીઓ હોવાનું પણ એક કારણ છે. મહારાષ્ટ્રમાં તમામ સરકારી વહીવટ મરાઠીમાં જ કરવામાં આવે છે. તેમજ અન્ય રાજયો બંગાળ, ઓરિસ્સા, કર્ણાટક, આંધ્ર, તેલંગાનાં, પંનાબમાં પણ સ્થાનિક ભાષામાં જ ભણતર તથા વહીવટ કરવામાં આવે છે. જે આધારિત ગુજરાતી ભાષાનો ઉપયોગ વહીવટી ભાષા તરીકે પણ કરવાની માંગ ઉઠવા પામી છે.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અંતર્ગત સને ૨૦૨૦માં પણ માતૃભાષામાં ત્રણ ભાષાની ફોર્મુલા અને શિક્ષણને માન્યતા આપવામાં આવેલ છે, જે મુજબ પંજાબ, તેલંગણા, કર્ણાટક, મહારાષ્ટ્ર, અને તમિલનાડુ જેવા રાજયોએ પ્રાદેશિક ભાષાને પ્રાધાન્ય આપતા વિધાયક પસાર કરી કાયદા બનાવ્યા છે. જેનો ચુસ્તપણે અમલ થાય તેનું પાલન ન થાય તેનું સરકાર નિગરાની કરે છે.

સને ૨૦૧૮ના ઠરાવને ગુજરાતી માધ્યમ સિવાયની શાળાઓએ અમલવારી કરેલ ન હોતી જે હાલમાં સુપ્રિમ કોર્ટનાં માર્ગદર્શન મુજબ ગુજરાત સરકારે વિધાનસભામાં ઠરાવ પસાર કરી કાયદાનું સ્વરૂપ આપતા નવી એજયુકેશન પોલિસી અંતર્ગત કલમ-૩(૨) મુજબ ફરજીયાત પાલન થશે. સમગ્ર મામલો હાઈકોર્ટમાં દાખલ થયેલ પી.આઈ.એલ.નાં કારણે સમગ્ર મામલો જાહેરમાં આવતા સરકારે કાયદો બનાવેલ છે. જે સને ૨૦૧૮નાં કાયદામાં જે ભૂલો હતી તે સુધારો તે નવા ડ્રાફ્ટ સાથે ૨૦૨૩માં વિધાયક પસાર કરતા કાયદાનું સ્વરૂપ આપતા તમામ શાળાઓમાં ફરજીયાત ગુજરાતી શિક્ષકની નિમણૂક આપી ગુજરાતી વિષયને એક ભાષા તરીકે ફરજીયાત ભણાવવામાં આવશે, પરંતુ આગામી સમયમાં માત્ર ધો-૮ સુધી નહી, પરંતુ ધો-૧૨ સુધી ગુજરાતી વિષય ફરજીયાત કરવો જોઈએ તથા વહીવટમાં તેમજ કાયદાશાખા, ન્યાયાલયમાં પણ ગુજરાતી ભાષાને પ્રાધાન્ય ગુજરાતમાં આપવું જોઈએ. તેવી માંગ ઉઠેલ છે.

મો. ૯૮૨૫૪ ૫૦૧૯૧,
www.trivediassociates.in